## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



નકલી પોલીસ બનીએ તો તો લાઠી મારે જ છે... હવે તો સાચા પોલીસ બનવામાં પણ માર ખાવો પડે છે...!!





## લોકરક્ષક પેપર લીક મામલે યુથ કોંગ્રેસનું આવેદનપત્ર

ગાંધીનગર આજે સવારે યુથ કોંગ્રેસ દ્વારા લોકરક્ષકનું પેપર લીક થવાના મામલે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. આ સાથે યુથ કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાને આવેદનપત્ર આપી મુખ્યમંત્રી દ્વારા માફી માંગવાની અને તેમના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. રવિવારે રાજ્યભરમાં લેવાનાર પોલીસ લોકરક્ષકની પરીક્ષાનું પેપર લીક થતા મોકુફ રખાયેલી પરીક્ષા સહિત સમગ્ર ઘટનાએ રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાત ઉભા કર્યા છે. ગાંધીનગર યુથ કોંગ્રેસ દ્વારા આ માટે રાજ્ય સરકારની ઘોર બેદરકારી જણાવતા આજે સવારે સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન કર્યુ હતુ અને રેલી કાઢવા પ્રયાસ કર્યો હતો. જો કે રેલી શરૂ થતાં જ પોલીસે કોંગ્રેસના અગ્રણીઓ તથા યુથ કોંગ્રેસના હોદ્દેદારોની અટકાયત કરી લીધી હતી. આ પછી કેટલાક હોદ્દેદારોને આવેદનપત્ર આપવા જવા મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રસંગે યુથ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત, જિલ્લા પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી, ઈન્ચાર્જ જયરાજસિંહ વાઘેલા, જિલ્લા મહામંત્રી રાજદિપસિંહ બિહોલા સહિત મેહુલભાઈ સોલંકી, અશ્વિનભાઈ સુહાન, ગીરવતસિંહ ચાવડા, પિયુષભાઈ પંચાલ, અભયસિંહ ઝાલા, યુવરાજસિંહ ગોહિલ, વિરેન્દ્રસિંહ ગોહિલ, ભાવિન પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## મગફળીની ખરીદી અંગે આજે મંત્રી સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૩

જિલ્લામાં ચાલી રહેલા ટકેના ભાવે મગફળીની ખરીદ પ્રક્રિયા અંગે આજે રાજયના પુરવઠા મંત્રી જયેશ રાદડિયા દ્વારા સમીક્ષા કરવામાં આવનાર છે. મંત્રી શ્રી દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજી રાજયભરના વિવિધ જિલ્લાઓમાં ચાલી રહેલ મગફળીની ખરીદી અંગેની સમીક્ષા કરનાર છે.

દરમિયાન જિલ્લામાં ત્રણસોથી વધુ ખેડૂતો દ્વારા ૭ હજાર કવીન્ટલથી પણ વધુ મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવામાં આવ્યું છે. મંગળવારથી આ ખરીદી બાદ ચુકવણીની પ્રક્રિયા આરંભ થશે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

## વિશ્વ જમીન દિવસની ઉજવણી પમીએ કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં વિશ્વ જમીન દિવસની ઉજવણીનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ માણસા તાલુકાના ગ્રામભારતી (અમરાપુર) ખાતે ૫ મી ડિસે.ના રોજ યોજાશે. જિલ્લાના પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાનાર આ ઉજવણી કાર્યક્રમમાં સાંસદ જયશ્રીબેન પટેલ અતિથિ વિશેષ પદે અને જિલ્લાના પાંચેય ધારાસભ્યો વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં ખેડૂતોને આધુનિક પદ્ધતિઓ ખાસ કરીને ટપક સિંચાઈ પદ્ધતિ તેમજ બદલાયેલી કેટલીક પદ્ધતિઓ વિશે વૈજ્ઞાનિકો દ્વારા સમજૂતી આપવામાં આવશે. ખાસ કરીને સોઈલ હેલ્થ કાર્ડને લઈ ખેતીમાં કયા કયા બદલાવ જરૂરી છે તે વિશે જાણકારી આપવામાં આવશે.



લોકરક્ષકની પરીક્ષાના પેપર લીકના મામલે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા બપોરે સે. ૬માં સત્યાગ્રહ છાવણી ખાતે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યાં હતા. ઉમેદવારોને ન્યાય આપવાની માંગ સાથે કરવામાં આવેલા દેખાવો તથા ધરણાં કાર્યક્રમમાં કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી નીશિત વ્યાસ, જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ ભરત પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખો પ્રવિણજી ઠાકોર, બાબુસિંહ ઝાલા, એલ.એન. પરમાર, દિનેશજી ઠાકોર, પ્રકાશ વાણીયા સહિત કોંગ્રેસી અગ્રણીઓ તથા કાર્યકરોએ સામેલ થઈ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ.

## જિલ્લાના શિક્ષણાધિકારી તથા શાસનાધિકારી બદલાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડ તથા પ્રાથમિક શાસનાધિકારી શ્રી પંડયાની બદલીના હુકમો આજે રાજય સરકારે કર્યા છે. રાજયના શિક્ષણ વિભાગે ૫૦થી વધુ શિક્ષણાધિકારીઓ અને શાસનાધિકારીઓની બદલીના હુકમો કર્યા છે.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એલ.એમ. બારડની બદલી જિલ્લા શિક્ષણાધિકારી સુરેન્દ્રનગર તરીકે કરવામાં આવી છે જયારે જિલ્લા પ્રાથમિક શાસનાધિકારી શ્રી જે.જી. પંડયાની બદલી મદદનીશ નિયામક કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગર ખાતે કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા શિણાધિકારી તરીકે માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નાયબ નિયામક તરીકે ફરજો બજાવતા શ્રી ભરતભાઈ વાઠેરની નિમણુંક કરવામાં આવી છે.

જિલ્લા પ્રાથમિક શાસનાધિકારી પ્રાથમિક શિક્ષણ નિયામક (આયોજન) તરીકે ફરજો બજાવતા સુશ્રી કાજલબેન દવેની નિમણુંક કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણતંત્રમાંથી એક સાથે બંને અધિકારીની બદલી થતા શિક્ષણજગતમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. નવા વરાયેલા અધિકારીઓ ગુરુવાર સુધીમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ જાણવા મળેલ છે.



વિશ્વ વિકલાંગ દિન અંતર્ગત ગાંધીનગરની ફિઝિયોથેરેપી કોલેજના ન્યુરોપીડીયા ઓપીડી વિભાગ દ્વારા દિવ્યાંગ બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૪૦ જેટલાં દિવ્યાંગ બાળકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રાધ્યાપકો ડૉ. નિકિતા પટેલ અને ડૉ. સૃષ્ટિ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ''વિશ્વ દિવ્યાંગ દિવસે'' રાજયપાલ ઓમપ્રકાશ કોહલીએ ''દિવ્યાંગ ન્યુઝ ચેનલ''નું ઉદ્દઘાટન કર્યુ

ગાંધીનગર, તા. ૩

રાજયપાલશ્રી ઓ.પી.કોહલી આજરોજ વેસુ ભરથાણા ખાતે ભગવાન મહાવીર ફાઉન્ડેશન દ્વારા આયોજીત ભગવાન મહાવીર ઈન્ટરનેશનલ



સ્કુલ અને મેગા યુથ ઈવેન્ટ ''યુવા રંગ'' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉમરા ખાતે ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટની ''દિવ્યાંગ ન્યુઝ ચેનલ''નું ઉદ્દઘાટન રાજયપાલશ્રીએ કર્યું હતું.

મહાવીર ઈન્ટરનેશલ સ્કુલના સમારોહ પ્રસંગે રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે, જીવનમાં શિક્ષણનુ મહત્વ અનેરૂ છે. શિક્ષણ એ જીવનને દિશા અને સાત્વિક બનાવે છે. મનુષ્યમાં સદવૃત્તિને ઉજાગર કરવાનું કાર્ય શિક્ષણના માધ્યમથી થાય છે. શિક્ષણ સંસ્થાઓ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવીને પરીક્ષા પાસ કરાવી દે તો તેમની જવાબદારી પૂર્ણ થતી નથી. પરંતુ તેઓને મદદરૂપ થઈને સામાજિક જવાબદારી અદા કરવાનુ કાર્ય પણ કરવું પડશે. જીવનમાં કદમ કદમ પર પસંદગીની તકો આવતી હોય છે ત્યારે સાચી દિશાને પસંદગી કરીને આગળ વધીએ તે જ સાચી શિક્ષા છે હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે આધ્યમિક ગુરૂ રવિશંકર મહારાજે ઉજ્જવળ કારકિર્દીની સાથે તણાવમુકત જીવન માટે યુવાનોને માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

દિવ્યાંગ ચેનલના ઉદ્દઘાટન બાદ રાજયપાલશ્રીએ જણાવ્યું હતુ કે, કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ યોજનાઓ દિવ્યાંગો અને સમાજને સરળતાથી પહોચાડવામાં દિવ્યાંગ ચેનલ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. દિવ્યાંગોના કલ્યાણ માટે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ, એન.જી.ઓ. કાર્ય કરતી હોય છે. જેમની પ્રવૃત્તિઓ અંગેની જાણકારી પણ આ ચેનલના માધ્યમથી દિવ્યાંગોને પહોચે તેવું સૂચન તેમણે કર્યું હતું. રમતગમત, શિક્ષણ કે અન્ય ક્ષેત્રોમાં દિવ્યાંગજનોએ હાંસલ કરેલી સિધ્ધિઓ ચેનલના માધ્યમથી પહોંચાડવામાં આવે તો અન્ય દિવ્યાંગોના આત્મવિશ્વાસમાં પણ વધારો થશે તેવો પ્રેરક અનુરોધ તેમણે કર્યો હતો. દિવ્યાંગો માટે મળતી સરકારી સહાયમાં આવતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવાની સાથે દરેક પરિવારો એક દિવ્યાંગને દત્તક લઈને દિવ્યાંગો પ્રત્યે સંવેદના દાખવે તેવી હિમાયત રાજયપાલશ્રીએ કરી હતી.

## આજથી ૧૧મી સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો બંધ રહેશે

ગાંધીનગર, તા.૩

સરદાર સરોવર પ્રોજેક્ટ કેવડિયા કોલોની ખાતે નિર્મિત વિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રતિમા ખાતે બતાવવામાં આવતો લાઈટ એન્ડ સાઉન્ડ શો આગામી તા.૪ થી ડિસેમ્બરથી તા. ૧૧મી ડિસેમ્બર-૨૦૧૮ દરમિયાન બંધ રહેશે, જેની સ્મારક જોવા આવતા પ્રવાસીઓને નોંધ લેવા સરદાર પટેલ એક્તા ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સાંજે ૭-૦૦થી ૮-૦૦ કલાક દરમિયાન યોજાતો આ લાઈટ એન્ડ સાઉન્ડ શો પ્રોજેક્શન મેપીંગના અપગ્રેડેશન અને મરામતને કારણે બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. જે ૧૨મી ડિસેમ્બર-૨૦૧૮થી રાબેતા મુજબ પ્રોજેક્શન મેપીંગ શો ચાલુ રહેશે એમ વધુમાં જણાવાયું છે.

## ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ૧૩૫મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલી

ગાંધીનગર, તા.૩

સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની તા. ૩જી ડિસેમ્બર-૨૦૧૮ સોમવારના રોજ ૧૩૫મી જન્મજયંતી નિમિતે ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને વિધાનસભાના ઉપ સચિવ શ્રી એ.બી. કરવાના હસ્તે ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. રાજેન્દ્ર પ્રસાદના તૈલચિત્રને વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તેમજ શિવ આશિષ સ્કુલ, બોપલના ૩૧ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ પુષ્પ અર્પણ કર્યા હતા.

## રાજ્યમાં રૂપાણી સરકાર જીરો ટોલરેન્સથી કામ કરે છે : ભરત પંડ્યા

અમદાવાદ, તા.૩

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે લોકરક્ષકના પેપરલીકની ઘટનાએ કમનસીબ અને પરીક્ષાર્થીઓ માટે પીડાદાયક છે. તમામ પરીક્ષાર્થીઓની લાગણી છે કે પરીક્ષા પારદર્શક અને ન્યાયી રીતે લેવામાં આવે. પેપરલીકમાં જે પણ કસુરવાર હોય તેની સામે સરકાર કડકમાં કડક એકશન લે. આ પરીક્ષાર્થીઓની લાગણી અને સંવેદનાની સાથે જ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ભાજપ સરકારની પણ લાગણી અને સંવેદના જોડાયેલી છે. ભાજપ સરકાર ઝીરો ટોરલેન્સથી કામ કરે છે. પારદર્શિતા સાથે એકશનમાં માને છે. સરકારે આ બે બાબતને ધ્યાનમાં રાખીને જ કાર્યવાહી કરી છે. પંડ્યાએ જણાવ્યું હતું કે પેપરલીક પછી પરીક્ષા લેવાય તો હોશિયાર પરીક્ષાર્થીઓને ખૂબ અન્યાય થાય એટલે સરકારે પ્રામાણિક અને પરીશ્રમથી પરીક્ષાર્થીઓના અધિકાર જળવાઈ રહે તેમજ પારદર્શક પરીક્ષા અને ન્યાયી રીતે યોજાય તે માટે પુનઃ પરીક્ષાનો નિર્ણય લીધો છે.

## ભારતયાત્રા અંતર્ગત અમદાવાદ ખાતે આવતીકાલે ''સ્વસ્થ ભારત મેળો'' યોજાશે

ગાંધીનગર, તા.૩

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી નિમિત્તે દેશભરમાં ભારતયાત્રા યોજાનાર છે. આ ભારતયાત્રા અંતર્ગત લોકોમાં સ્વાસ્થ્ય અંગે જનજાગૃતી આવે તે માટે અમદાવાદ ખાતે ૫મી ડિસેમ્બર-૨૦૧૮ના રોજ ''સ્વસ્થ ભારત મેળો''નું આયોજન કરાયું છે. જેમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી ઉપસ્થિત રહેશે.

કેન્દ્ર સરકારના ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા તેમજ રાજ્યના આરોગ્ય વિભાગના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ કાર્યક્રમ ૫મી ડિસેમ્બર-૨૦૧૮ના રોજ સાંજે ૪-૦૦ કલાકે કાંકરિયા તળાવ,અમદાવાદ ખાતે યોજાશે. આ વેળાએ ગુજરાતના લોકપ્રિય કલાકાર કિંજલબેન દવે દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં 'ઈટ રાઈટ ઈન્ડીયા' અંગે જનજાગૃતિ સંદેશ લઈને આખા દેશમાં 'સ્વસ્થ ભારતયાત્રા' ચાલી રહી છે. આ યાત્રા ગોવાથી ગુજરાતમાં દમણ માર્ગે ઐતિહાસિક મીઠા સત્યાગ્રહ માટે જાણીતા દાંડી ખાતે પ્રથમ પ્રવેશ કરીને ત્યાંથી આ યાત્રા નવસારી થઈને સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, સંતરામપુર, બાલાસિનોર, નડિયાદ અને આજે અમદાવાદ સહિત નવ જિલ્લાઓમાંથી પસાર થઈને અત્રે આવી પહોંચી છે. આ યાત્રાના ભાગરૂપે કાંકરિયા ખાતે સ્વસ્થ ભારત મેળાનું મહા આયોજન કરવામાં આવ્યું છે. અહીંથી આ યાત્રા પાટનગર ગાંધીનગર, મહેસાણા અને ૧૨મી ડિસેમ્બરના રોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મથકથી રાજસ્થાન જવા રવાના થશે.

આ યાત્રા ગુજરાતના આ ૨૪ દિવસના પ્રવાસ દરમિયાન રાજ્યના ૧૨ જિલ્લાઓને આવરી લઈ ૭૯૧ કીલોમીટર જેટલો પ્રવાસ કરવાની છે. આ યાત્રા દરેક સ્થળે નાગરિકોને મળી સ્વસ્થ ભારત યાત્રાનો ઈટ રાઈટ ઈન્ડીયાનો સંદેશો ફેલાવવાનું કામ કરી રહી છે.

આ યાત્રાની ફળશ્રુતિ રૂપે ગુજરાતમાં તમામ નાગરિકોને સલામત, સ્વચ્છ અને ફોર્ટીફાઈડ ફુડ મળી રહે તથા માઈક્રોન્યુટ્રીશનની ઉણપને નાથવા માટે તેમજ કુપોષણને નાથવા માટે ઈન્ડિયલ મેડીકલ એસોશીએશન તરફથી પણ યોગ્ય માર્ગદર્શન આપવાનું આયોજન હાથ ધર્યુ છે. આ ઉપરાંત લગ્ન સમારંભ, હોટેલ્સ, જાહેર મેળાવડા વગેરેમાં બનતા ભોજનનો બગાડ ન થાય તેમજ સમાજના ગરીબ વર્ગને આ ખોરાક યોગ્ય ચેનલથી પહોંચે તે માટે એન.જી.ઓ. દ્વારા સમજ આપવામાં આવશે.




કલોલ તાલુકાના સોજા ખાતે શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત યોજવામાં આવેલ કાર્યક્રમમાં રાજ્યના અન્ન નાગરિક પુરવઠા મંત્રી જયેશ રાદડિયા તથા પૂર્વ ધારાસભ્ય, ભાજપ યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ અમિત ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, કલોલ તાલુકા વિકાસ અધિકારી મૌલિક ડાંગા, સોજાના સરપંચ દક્ષાબેન પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## નલિયામાં પારો વધુ ગગડ્યો

અમદાવાદ, તા.૩

ગુજરાતના નલિયા સહિતના કેટલાક ભાગોમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે નલિયામાં સતત બીજા દિવસે લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થયો હતો. ગઈકાલના ૧૨.૮ ડિગ્રીની સરખામણીમાં આજે નલિયામાં પારો ગગડીને ૧૧.૮ સુધી નીચે પહોંચી ગયો હતો. અમદાવાદમાં પણ સવારમાં તીવ્ર ઠંડીનો ચમકારો હવે અનુભવાઈ રહ્યો છે. અલબત્ત, ગઈકાલની સરખામણીમાં આજે સોમવારના દિવસે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાનમાં આંશિક વધારો થયો હતો પરંતુ સવારમાં લોકો હવે ગરમ વસ્ત્રોમાં નજરે પડી રહ્યા છે. કંડલા એરપોર્ટ ખાતે પણ પારો ૧૨.૬ સુધી નીચે રહ્યો હતો. ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે.

## જસદણમાં કોંગ્રેસના અવસર નાકિયાએ ઉમેદવારી નોંધાવી

અમદાવાદ,તા. ૩

રાજકોટના જસદણ વિધાનસભા ચૂંટણીનો જંગ છેડાઈ ચુક્યો છે ત્યારે ગુરૂ-ચેલા તરીકે ઓળખાતા કુંવરજી બાવળિયા અને અવસર નાકિયા સામસામે ઉમેદવારી નોંધાવી ચુક્યા છે. કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકિયા આજે ઉમેદવારી ફોર્મ ભરે તે પહેલાં કોંગ્રેસ દ્વારા જસદણમાં વિશાળ રેલી-સરઘસ અને જાહેરસભા યોજી જબરદસ્ત શકિત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં વિશાળ જનમેદની ઉમટી પડી હતી. કોંગ્રેસની રેલી અને સરઘસમાં લોકોની હાજરી જોઈ એક તબક્કે ભાજપની છાવણીમાં પણ જાણે સોપો પડી ગયો હતો, એટલા બધા લોકો કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકિયાના સમર્થનમાં જોડાયેલા જોવા મળ્યા હતા. તેનાથી પણ નોંધનીય વાત એ હતી કે, અવસર નાકિયાની રેલીમાં મોટી સંખ્યામાં લોકો સ્વયંભૂ ઉમટી પડ્યા હતા. અવસર નાકિયાએ વિપક્ષના નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિતના મહાનુભાવોની હાજરીમાં જસદણ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટેનું વિધિવત્ ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. આ પ્રસંગે અવસર નાકિયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ અને સ્થાનિક જનતા સાથે દ્રોહ કરનારા કુંવરજી બાવળિયાને જસદણની પ્રજા જાકારો આપશે અને કોંગ્રેસને જસદણની જનતા જીતાડશે. જસદણની જનતાના આશીર્વાદ કોંગ્રેસની સાથે હતા, છે અને રહેશે. જસદણની બેઠક પર કોંગ્રેસ જ જંગી બહુમતીથી જીતશે તેવો આશાવાદ તેમણે વ્યકત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયની માથાપચ્ચી અને મથામણ બાદ કોંગ્રેસ દ્વારા જસદણના તેમના ઉમેદવાર તરીકે અવસર નાકિયાના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.